જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૭/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૯૩૮/૨૦૨૫**

વટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૮૨/૧૯૯૨ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૭૮/૨૦૨૪ મુજબના ગુનાના કામે આરોપી અજીતસિંહ સ/ઓ કુલસિંહ દરબાર (ઉ.વ.૨૭) (રહે. ૩૦૩૦ વિનોબાભાવેનગર વિંઝોલ પાસે, વટવા, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી પી.બી.પટેલ સાહેબ, કોર્ટ નંબર–૩૧, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૬ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૫૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૧૭ બિયર ટીન, ૦૧ કાર અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૨,૦૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૪૧/૨૦૨૫**

વાડજઃ હુજૈફા સ/ઓ ઝકીરુદ્દીન ગોરખપુરવાલા (ઉ.વ.૨૩)(રહે.કર્ણાવતી સોસાયટી સુત્તાર તાલુકા સોસાયટી પાસે ઉસ્માનપુરા) એ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૫ કલાક ૨/૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૫ કલાક ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વાય.સુદર્શન (રહે.બીજો માળ ૪–ક્રોસ ભારથી મેડીકલ સંપન્નગ્રામનગર સાઉથ વિલ્સન ગાર્ડન બેંગલોર કર્ણાટક) નાઓએ ઉસ્માનપુરા આશ્રમ રોડ હોટલ હયાત રજન્સી ખાતે હોટેલમાં રોકાણ કરી હોટલની સેવાઓ મેળવી તેના બીલ પેટે ચુકવવાના થતા રૂપિયા ૮૨,૭૮૭/– નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૪૨/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ કૃપેશભાઇ અશોકકુમાર શાહ (ઉ.વ.૪૩)(રહે. મંગલમંદિર સોસાયટી, ગોલ્ડન સિલ્વર એપાર્ટમેન્ટ પાછળ સુભાનપુરા વડોદરા) એ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે કૃપેશભાઇના માતા શશીકલાબહેન (ઉ.વ.૭૪) તા.૩૦/૦૬/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર જજીસ બંગલા રોડ ઉપર આવેલ જૈન વિધ્યાશાળા ખાતે મહારાજશ્રીની પધરામણી સારૂ ઉપાશ્રય ખાતે આવેલ હતા. જ્યાં અજાણી વ્યકિતએ કૃપેશભાઇના માતા શશીકલાબહેનની નજર ચુકવી, તેમના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહિત કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૪૩/૨૦૨૫**

ઓઢવઃ દિવ્યાબહેન વા/ઓ સેંકી સીકરવાર (ઉ.વ.૩૩)(રહે.કર્ણાવતી પાર્ક સોસાયટી, મહેશ્વરીનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી